| આંક | |
|---|---|
| દાખલ થયા તા . | ૧૮/૧૧/૨૦૦૮ |
| રજુ કર્યા તા. | ૧૮/૧૧/૨૦૦૮ |
| ફેંસલ કર્યા તા. | ૫/૪/૧૮ |
| સમય મર્યાદા | વર્ષ – માસ– દિવસ |

**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે ,કોર્ટ નં. ૧૪ અમદાવાદ**

**ફોજદારી કેસ નં. : ૧૪૦૩૨૬૪/૨૦૦૮**

ફરીયાદી:– શ્રી સ ર કા ર

વિરુધ્ધ.

આરોપીઓ:– ગણપતભાઈ બાબુભાઈ પટણી. ઉ.વ.૩૦.

રહે:– ૧૦,સ્લમ કવાર્ટસ,પતરાવાળી ચાલી,અસારવા,

ચમનપુરા,અમદાવાદ.

**ગુન્હો:– ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯,૪૨૭,૩૩૭ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબ.**

**સરકાર તરફે : વિ. એ.પી.પી. શ્રી રાઠોડ.**

**આરોપી તરફે: વિ. વ. શ્રી ડી.એન.પટણી.**

# -// ચુ કા દો //-

(૧) આ કામના ફરીયાદની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જાની સી.એન.જી રીક્ષા નં.જી.જે.૧૮.યુ.૩૭૩૭ માં ફરીયાદીને બેસાડીને તા. ૨૧/૦૯/૦૮ ના રાત્રીના દિનેશ ચેમ્બરથી પૂરઝડપે અને બેદરકારી રીતે ચલાવી ઈન્ડીયા કોલોની તરફ લઈ જઈ શ્રીનાથ વાસણ ભંડાર આગળ આરોપીએ રીક્ષા કંટ્રોલ નહી કરતાં રાત્રે રીક્ષા પલ્ટી ખવડાવી રીક્ષામાં બેઠેલ ફરીયાદીને કમરના ભાગે તથા હાથે પાસળી ઉપર ગંભીર ઈજાઓ પહોંચાડી રીક્ષાને આશરે રૂા.૭૦૦/-નું નુકશાન પહોંચાડી તેમ કરી ગુનો કર્યા હોવા બાબતે ફરીયાદીએ બાપુનગર પોલીસ સ્ટેશનમાં તા.૨૨/૦૯/૦૮ ના રોજ ઈ.પી.કો કલમ-૨૭૯, ૩૩૭,૪૨૭ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબની ફરીયાદ કરતાં પોલીસે ફર્સ્ટ ગુ.રજી.નં. ૨૮૭/૦૮ થી ગુનો રજીસ્ટર કરેલ. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાતાં આરોપી સામે ક્રિ.પો.કોડની કલમ-૧૭૩ અન્વયે ચાર્જશીટ કરી હતી.

(૨) આ કામના આરોપી સામે ધોરણસરની સમન્સની બજવણી કરતાં વકીલશ્રી મારફતે આરોપી હાજર થયાં હતાં. તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૭ ની જોગવાઈઓનેઆધીન રહી પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવી હતી ત્યારબાદ આ કામના આરોપીની પ્લી આંક-૩ થી રેકર્ડ કરતાં ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

-: **ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો** :-

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧. | ૫ | ગોવિંદભાઈ શંકરભાઈ પટણીની જુબાની. | ફરીયાદી |
| ૨. | ૭ | શારદાબેન ગોવિંદભાઈ પટણીની જુબાની | સાહેદ |

## –: <u>ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો</u> :–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૬ | ફરીયાદની કોર્ટની નકલ. |
| ૨. | ૮ | બનાવ વાળી જગ્યાના પંચનામાની નકલ કબુલ રાખેલ છે. |
| ૩. | ૯ | સારવાર સર્ટીફીકેટની નકલ કબુલ રાખેલ છે. |

(૪) ફરીયાદીને સમાધાન થયેલ હોઈ, વધુ પુરાવો આપવા માંગતા નથી તેવી લેખિત પુરાવા બંધની પુરશીશ આંક–૧૦ થી રજુ કરતાં ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસેલા નથી.

(૫) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં આરોપીનું સી.આર.પી.સી ની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોઈ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૬) ત્યાર બાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પીશ્રીને તથા આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

(૭) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ઘ્યાને લેતાં આ કામના આરોપીએ પોતાના કબ્જાની સી.એન.જી રીક્ષા નં.જી.જે.૧૮.યુ.૩૭૩૭ માં ફરીયાદીને બેસાડીને તા.૨૧/૦૯/૦૮ ના રાત્રીના દિનેશ ચેમ્બરથી પૂરઝડપે અને બેદરકારી રીતે ચલાવી ઈન્ડીયા કોલોની તરફ લઈ જઈ શ્રીનાથ વાસણ ભંડાર આગળ આરોપીએ રીક્ષા કંટ્રોલ નહી કરતાં રાત્રે રીક્ષા પલ્ટી ખવડાવી રીક્ષામાં બેહેલ ફરીયાદીને કમરના ભાગે તથા હાથે પાસળી ઉપર ગંભીર ઈજાઓ પહોંચાડી રીક્ષાને આશરે રૂા.૭૦૦/–નું નુકશાન પહોંચાડી તેમ કરતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## -: મુદ્દાઓ :-

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખ, સમય અને સ્થળે આ કામના આરોપીએ પોતાના કબ્જાની સી.એન.જી રીક્ષા નં.જી.જે.૧૮.યુ.૩૭૩૭માં ફરીયાદીને બેસાડીને તા.૨૧/૦૯/૦૮ ના રાત્રીના દિનેશ ચેમ્બરથી પૂરઝડપે અને બેદરકારી રીતે ચલાવી ઈન્ડીયા કોલોની તરફ લઈ જઈ શ્રીનાથ વાસણ ભંડાર આગળ આરોપીએ રીક્ષા કંટ્રોલ નહી કરતાં રાત્રે રીક્ષા પલ્ટી ખવડાવી રીક્ષામાં બેઠેલ ફરીયાદીને કમરના ભાગે તથા હાથે પાસળી ઉપર ગંભીર ઈજાઓ પહોંચાડી રીક્ષાને આશરે રૂા.૭૦૦/-નું નુકશાન પહોંચાડી તેમ કરી તેમ કરી ઈ.પી.કો કલમ-૨૭૯, ૩૩૭, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓનો જવાબ નીચે મુજબ આપુ છું.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

## -//કા ર ણો//-

(૯) **<u>મુદા નં - ૧ની ચર્ચા</u> :-**

આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯,૩૩૭, ૪૨૭ તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭,૧૮૪ મુજબનો આક્ષેપ છે ત્યારે ભારતીય દંડ સંહિતા કલમ-૨૭૯ લક્ષમાં લેવામાં આવે તો નીચે મુજબ છે.

<u>**કલમ–૨૭૯:–**</u>

૧. જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવું અથવા સવારી કરવી.

૨. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવવું અથવા સવારી કરવી.

૩. જે કારણે બહુજન સમયુદાયી જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા હાની સંભવ હોય.

(૧૦) ઉપરોકત કાયદાકીય જોગવાઈની સાથે સાથે નામદર ગુજરાત હોઈકોર્ટ સમય અંતરે જુદા જુદા ચુકાદઓ આપેલ છે. જેમા નામદાર ગુજરાત હાઈકોર્ટના State of Gujarat V/s Mahmad Sarif Umar Gajal Muslim, G.L.H 2007(3) 561, The Hon'ble justice SMT. ABHILASHA KUMARI.J. નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

A scrutiny of the evidence brought on record by the prosecution as reproduced herein above, reveals that what has been brought on record is the fact that an accident took place, that the accused was driving the tempo, the deceased persons were coming on a bicycle which dashed against the tempo on the right hand side, they sustained injuries and lated succumbed to death. A cumulative scrutiny of the entire evidence on record does not point towards rash and negligent driving on the part of the accused. As has been held in State of Gujarat V/s Dr. Maltiben Valjibhai shah (Supra) to constitute an offence under section 304-A of the Indian penal code, <u>it is necessary for the prosecution to establish that the act of the accused is rash or negligent and by such act the death has occured and that act does not amount to culpable homicide.</u> In the present case, the prosecution has not been able to prove that the accused was driving the tempo at a very high speed or that he was driving it rashly so as to be negligent in taking due care and caution. In fact, it has come in evidence that the tempo was being driven at a speed about 40 to 50 Kms, per hour. The prosecution witnesses, who were sitting in the tempo at the time of the accident, have now here stated that the accident occurred as a result of the rash and negligent driving of the accused . In fact, the prosecution witnesses, who were sitting in the tempo at the time of accident, have failed to give any satisfactory account of how the accident took place and have only come to know about it when the noise was heard. Even PW

Afsana has not situated anything in her testimony, pointing towards the rash and negligent driving of the respondent. The independent witnesses and panch witnesses have not supported the case of the prosecution. In this view of the matter, it cannot be said that trial court has committed any infirmity in recording a finding of acquittal in favour of the accused further, finding of the trial court cannot be said to be perverse, contrary to the material on record, palpably wrong, manifestly erroneous or demonstrably unsustainable so as to warrant the interference of this Court. { PARA ; 16 }

(૧૧) ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમીક સિધ્ધાંત છે કે, આરોપી સામેનો ગુનો ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ. ઉપરોકત કાયદાકીય જોગવાઈ અને ચુકાદાઓમાંથી પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો લક્ષમાં લેતાં સ્પષ્ટ છે કે, આરોપી સામે જયારે બેફીકરાઈથી વાહન ચલાવી અકસ્માત કરવાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે તે સાબીત કરવું જોઈએ કે, જે બનાવ સમયે આરોપી જ વાહન ચલાવી રહયાં હતા અને વાહન ચલાવવાનું આરોપીનું કૃત્ય એટલી બેફીકરાઈથી અને બેદરકારીભર્યુ અને મનુષ્યની જીંદગી જોખમાય તેવું હતું કે જેથી આરોપીને અકસ્માત સંદર્ભે ફોજદારી જવાબદારી માટે દોષિત ઠરાવી શકાય.

(૧૨) ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તે ફરીયાદ પક્ષે આંક–૫ થી ફરીયાદી ગોવિંદભાઈ શંકરભાઈ પટણીને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે છ સાત વર્ષ પહેલાં બાપુનગર,ઈન્ડીયા કોલોની રાત્રીના આઠ થી નવ વાગે બનેલો. તેઓ રીક્ષામાં જતાં હતાં ત્યારે રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી અને પગની બાજુના ભાગે ઈજા થયેલી અને પાસળીના ભાગે ઈજા થયેલી. અને કોઈએ ૧૦૮ બોલાવતાં તેમનો ભત્રીજો તેમને સીવીલ હોસ્પિ.માં લઈ ગયેલો અને ત્યાં તેમની સારવાર કરાવેલી. તેઓ જે રીક્ષામાં બેઠાં હતાં તે રીક્ષા કોની હતી અને તે કોણ ચલાવતું હતું તેની તેમને ખબર નથી. રીક્ષાનો નંબર તેઓને ખબર નથી. આ બનાવ અંગેની ફરીયાદ તેઓએ પોલીસને આપેલી. ફરીયાદની નલકમાં તેમની સહી છે. જે આ કામે આંક–૬ થી સામેલ રાખેલ છે. આ ફરીયાદી સાહેદ ફરીયાદની કોઈ હકીકતને સમર્થન આપતાં નથી. ભારતીય પુરાવા

અધિનિયમની કલમ–૧૫૪ ની જોગવાઈ મુજબ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછતાં તેઓ ફરીયાદની હકીકત નકારે છે અને બચાવ તરફેની ઉલટમાં એ હકીકત સ્વીકાર્ય રાખે છે કે, તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે અને ગાડી કોણ ચલાવતું હતું અને તે કેવી રીતે ચલાવતું હતું તે અંગે તેઓ કહી શકે નહીં. અને આરોપી સાથે તેમને સામાધાન થઈ ગયેલ હોઈ તેમને કેસ આગળ ચલાવવો નથી. ફરીયાદી હકીકતને સમર્થક વિગતો રેકર્ડ પર આવવા પામેલ નથી.

(૧૩) વધુમાં ફરીયાદપક્ષે આંક–૭ થી સાહેદ શારદાબેન ગોવિંદભાઈ પટણીને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, ફરીયાદી તેમના પતિ થાય છે. આરોપી તેમના જેઠના દીકરા થતાં હોઈ તેઓને તે ઓળખે છે. જે કોર્ટમાં હાજર છે. તેઓ પણ ફરીયાદીએ આપેલી જુબાની મુજબની જુબાની આપે છે અને ફરીયાદની કોઈ હકીકતને સમર્થન આપતાં નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ની જોગવાઈ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવાં પ્રશ્નો પુછતાં તેઓ ફરીયાદની હકીકત નકારે છે અને બચાવ તરફેની ઉલટમાં એ હકીકત સ્વીકાર્ય રાખે છે કે,તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે અને હવે આ કેસ આગળ ચલાવવો નથી.

(૧૪) આમ,આ એકમાત્ર ફરીયાદીના પુરાવાથી અકસ્માતમાં તેઓને ઈજા થયેલાનું ફલીત થાય છે.પરંતુ તેઓને વાહનના અકસ્માતથી ઈજા થયેલાંનુ પુરવાર થતું નથી અને તેઓના પુરાવાથી હાલના આરોપી ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રીક્ષા પલ્ટી ખવડાવી દઈ ફરીયાદીને ઈજાઓ કરેલાનો બનાવ બનેલો હોય તેવું પુરવાર થતું નથી.

(૧૫) આ કામે આરોપી તરફે કબુલ કરવામાં આવેલ બનાવવાળી જગ્યાનું પંચનામું આંક–૮થી અને ઈજા પામનાર ફરીયાદીને થયેલ ઈજા અંગેનું સારવાર સર્ટીફીકેટ આંક–૯ થી રજુ છે તે વંચાણે લેતાં તેમાં બનાવવાળી જગ્યાની સ્થળ,સ્થિતિ જણાઈ આવે છે પરંતુ કહેવાતો બનાવ બનાવવાળી જે જગ્યાએ બનેલાનું ફરીયાદી જણાવે છે તે બનાવ હાલના આરોપીના કબ્જાની ગાડીથી બનવા પામેલ છે તેવું ફરીયાદીની જુબાનીથી ફલીત થતું નથી. અને આ

ઈજાઓ હાલના આરોપીએ તેમના કબ્જાની ગાડી પૂરઝડપે,ગફલતભરી રીતે અને બેદરકારીથી ચલાવી લાવી રીક્ષાને પલ્ટી ખવડાવી ફરીયાદીને પાડી દઈ ઈજા કરેલ હોય તેવું રજુ પુરાવાથી ફલીત થતું નથી. આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થતાં ફરીયાદીએ આંક–૧૦થી પુરાવા બંધની પુરશીશ આપતાં ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદોને તે કારણોસર તપાસેલા નથી.

(૧૬) આમ ઉપરોકત રજુ પુરાવો જોતાં આ કામના ફરીયાદી સાહેદ હોસ્ટાઈ થયેલા હોઈ, ફીરયાદપક્ષના કેસને કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર આવવા પામેલ નથી અને આ કામના આરોપીએ પોતાના કબ્જાની સી.એન.જી રીક્ષા નં.જી.જે.૧૮.યુ.૩૭૩૭ માં ફરીયાદીને બેસાડીને તા.૨૧/૦૯/૦૮ ના રાત્રીના દિનેશ ચેમ્બરથી પૂરઝડપે અને બેદરકારી રીતે ચલાવી ઈન્ડીયા કોલોની તરફ લઈ જઈ શ્રીનાથ વાસણ ભંડાર આગળ આરોપીએ રીક્ષા કંટ્રોલ નહી કરતાં રાત્રે રીક્ષા પલ્ટી ખવડાવી રીક્ષામાં બેઠેલ ફરીયાદીને કમરના ભાગે તથા હાથે પાસળી ઉપર ગંભીર ઈજાઓ પહોંચાડી રીક્ષાને આશરે રૂા.૭૦૦/–નું નુકશાન પહોંચાડી તેમ કરી ગુનો કર્યા હોવા બાબતેની કોઈ હકીકત શંકારહિત પુરવાર થતું નથી. જેથી ઉપરોકત પુરાવાની કરેલ ચર્ચાથી આરોપીને તેમની સામેના ગુનામાં સાંકળી શકાય તેવું ફલીત થતું નથી. વળી આ કામે આરોપીની કોઈ ઓળખ પરેડ ફરીયાદી કે અન્ય સાહેદ મારફતે કરાવેલ હોય તેવું પણ રેકર્ડથી ફલીત થતું નથી ત્યારે બનાવ હાલના આરોપીની બેદરકારીથી બનવા પામેલ છે તેવું ફરીયાદી સાહેદના પુરાવાથી પુરવાર થતું નથી. જેથી ઉપરોકત પુરાવાની કરેલ ચર્ચાથી આરોપીને તેમની સામેના ગુનામાં સાંકળી શકાય તેવું ફલીત થતું નથી. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ એકમાત્ર ફરીયાદીનો પુરાવો અને તેની સાથે **નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ માલતીબેન વાઘજીભાઈ જી.એલ.આર ૧૯૯૩ (૨) ૧૬૦૦ તથા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ મહંમદ સરીફ ઉંમર ગજાલ જી.એલ.એચ ૨૦૦૭ (૩), ૫૬૧ ના ચુકાદામાં** પ્રસ્થાપીત થયેલ સિઘ્ધાંતોને ઘ્યાને રાખતાં ફરીયાદીપક્ષે આરોપીનું કૃત્ય બેફામપણે અને બેદરકારી પૂર્વકનું હતું તેવું સાબીત કરવું જોઈએ. આ કામે આ અદાલતે ઉપરોકત ચર્ચા કરી તે મુજબની હકીકત સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલા છે. જેથી પડેલ પુરાવાની કરેલ સમગ્ર ચર્ચાના અંતે તે પુરાવા પર આધાર રાખી આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનામાં સાંકળી શકાય તેમ નથી. જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ **''નકાર''**

માં આપી, મુદ્દા નંબર– ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુ ક મ //-**

આ કામે આરોપી ગણપતભાઈ બાબુભાઈ પટણીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૪૨૭ તથા એમ.વી. એકટનીકલમ–૧૭૭,૧૮૪ મુજબનાં શિક્ષાનેપાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનાં આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે નવા જામીન અને જાત મુચરકો અપીલ સુધી અમલમાં રાખવાની બાંહેધરી સાથે રજુ કરવો.

આ હુકમ આજરોજ તા. ૫ – એપ્રિલ – ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(હીના નિહાર દેસાઈ)**
**એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં. ૧૪, અમદાવાદ.**
**( GJ 00738 )**

**સ્થળ: અમદાવાદ.**

VB VALA, PA